CMA NO. 23 of 2025
ORDER BELOW EX - 01

**– :: અરજદાર તરફેની આંક – ૦૧ ની અરજી તળેનો વિશેષ હુકમ :: –**

આ કામના અરજદાર તરફે રજુ રાખવામાં આવેલ હાલની આ અરજીના કામે અરજદારે પોતાની ભુલ સુધારવા માટે અદાલતમાં આંક – ૦૭ થી ધી કોડ ઓફ સીવીલ પ્રોસીજર – ૧૯૦૮, ઓર્ડર – ૬, રૂલ – ૧૭ મુજબની અરજી રજૂ રાખેલ. સદર અરજી તળે અદાલતે આદેશ કરી અરજદારે હુકમ થયાના દિન – ૧૫ માં જમા કરાવવા અને અદાલતમાં જાણ કરવા આદેશ કરવામાં આવેલ હતો. આ કામ મુ. તા. ૧૨/૦૩/૨૬ ના રોજ રાખવામાં આવેલ. આ કામે અરજદાર તરફે રકમ જમા કરાવ્યાની કોઈ જાહેરાત કરવામાં આવેલ નહી. આ કામ ન્યાયના વિશાળ હિતમાં આજરોજ રાખવામાં આવેલ. આ કામે આજરોજ અદાલતનો સમય પુરો થતા સુધી આ કામના અરજદારની રાહ જોવા છતા અરજદાર તરફે કોઈ કાર્યવાહી કરવામાં આવેલ હોવાની જાહેરાત કરવામાં આવતી નથી. આ કામે રકમ જમા કરાવ્યાની કોઈ પુરશીશ રજૂ રાખવામાં આવતી નથી. આ કામના અરજદાર તરફે કોઈ હાજર રહી રજૂઆત પણ કરવામાં આવતી નથી. આ હકીકતો ધ્યાને લેતા આ કામના અરજદારને આ કામે પુરતી દરકાર હોવાનું જણાઈ આવતું નથી. આ કામના અરજદારને આ કામે પુરતી દરકાર હોય નહી તો આ કામે માત્ર અરજદાર આવશે તેવી આશાએ આ કામ લાંબો સમય સુધી બાકી રાખવાનું અને રાહ જોવાનું વ્યાજબી જણાઈ આવતું નથી.

ઉપરોકત રેકર્ડ ઉપરની તમામ હકીકતો તથા કારણો તથા સંજોગો તથા કાયદાની સ્થિતિ તથા પરીસ્થિતિ ધ્યાને લેતા, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**– :: આખરી હુકમ :: –**

(૧) આ કામના અરજદારની હાલની અરજી અરજદારની બેદરકારી અને

CMA NO. 23 of 2025
ORDER BELOW EX - 01

બેકાળજીના કારણે તેમજ અદાલતના આદેશનું પાલન નહી કરવા બદલ ધી કોડ ઓફ સીવીલ પ્રોસીજર ૧૯૦૮, ઓર્ડર – ૯, રૂલ – ૩ મુજબ મળેલ સત્તાની રૂએ આથી ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવાનો આદેશ કરવામાં આવે છે.

(૨) આ અરજીનું અરજદારને થયેલ ખર્ચ અરજદારે જાતે ભોગવવાનો આદેશ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ – **૧૩** મી, માહે – **માર્ચ**, સને – **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરીને જાહેર કરવામાં આવ્યો.

**તા. ૧૩/૦૩/૨૦૨૬**
**સ્થળ:સિહોર**

**(પરેશગીરી નટવરગર ગોસ્વામી)**
**પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ,**
**સિહોર, જી. – ભાવનગર**
**કોડ નં. – જીજે – ૦૧૦૩૭**

(બી.બી.ગોસાઈ)